સમયસર હાજર રહેવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
પરિપત્ર ક્રમાંક : મહક-૧૦૧૫-૪૬૨૩૭૭/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-.૪/૦૮/૨૦૧૫.

પરિપત્રઃ-

સરકારી અધિકારીઓ/કર્મચારીઓનો કચેરીનો સમય ૧૦.૩૦ થી સાંજના ૬.૧૦ સુધીનો છે. કચેરીના સમયે સમયસર હાજર રહેવા વારંવાર સૂચના આપવામાં આવેલ છે. તેમ છતાં અધિકારીઓ/કર્મચારીઓ સમયસર હાજર થતા નથી અથવા વહેલા-મોડા આવે છે/કચેરી છોડી જાય છે. આ બાબત યોગ્ય નથી. આથી દરેક અધિકારીઓ/કર્મચારીઓને જણાવવવામાં આવે છે કે સવારે ૧૦.૪૦ કલાક પહેલાં કચેરીમાં હાજર થઇ જવું તથા સાંજના ૬.૧૦ પહેલા કચેરી ન છોડવી. વર્ગ-૪ ના કર્મચારીઓએ સવારે ૯.૪૫ કલાકે હાજર થવું અને સાંજના ૭.૦૦ કલાક પછી કચેરી છોડવી એમ કરવામાં કસુર થશે તો નિયમોનેસાર પરચૂરણ રજા કાપવામાં આવશે અને વારંવાર મોડા આવનાર કે વહેલા જનાર સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

સરકારી કામે ગયેલ હોય અને મોડા આવેલ હોય કે વહેલા કચેરી છોડેલ હોય તેવા વર્ગ-૧ ના અધિકારીશ્રીઓએ અગ્ર સચિવશ્રી મારફત, તથા વર્ગ-૨ ના અધિકારીઓએ પોતે અને વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓએ તેમના સક્ષમ અધિકારી મારફત સરકારી કામે મોડા આવેલ છે કે વહેલા ગયેલ છે. તે બાબતનો રીપોર્ટ મહેકમ શાખાને તે દિવસે અથવા ત્યારબાદના દિવસે અચૂક મોકલી આપવો. રીપોર્ટ નહીં મોકલનાર સામે ફકરા-૧ મુજબ કાર્યવાહીકરવામાં આવશે.

સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારી કોઇપણ પ્રકારની રજા ઉપર જાય તો તેમણે રજા ઉપર જતા પહેલાં તેમના, વર્ગ-૧ ના અધિકારીશ્રીઓએ અગ્ર સચિવશ્રીની, વર્ગ-૨ ના અધિકારીઓએ સંબંધિત નાયબ/સંયુકત સચિવશ્રીની અને વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓએ તેમના સક્ષમ અધિકારી પાસે રજા મંજૂર કરાવી મહેકમ શાખામાં અરજી પહોંચાડીને જવું. સરકારી કામે બહાર ગયેલ હોય તો પરત આવ્યે તે જ દિવસે ! ફરજ પર હાજર ગણવા ! બાબતનો રીપોર્ટ મહેકમ શાખાને સક્ષમ અધિકારી મારફત અચૂક મોકલી આપવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયે તેની ગેરહાજરી બીન અધિકૃત ગણવામાં આવશે.

કામકાજના સમય દરમ્યાન કર્મચારી/અધિકારીઓએ જગ્યા પર ન હોવા અંગે !! મુવમેન્ટ રજિસ્ટર !! નિભાવવા.

!! શિસ્ત એ શ્રેષ્ઠતા છે. !!

( દર્પણા ધીમર )
સંયુકત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- વિભાગના સર્વે વર્ગ-૧ ના અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- વિભાગના સર્વે સેકશન અધિકારીશ્રીઓ, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- વિભાગના સર્વે વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓ., વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણ વિભાગ - IWDMS પર મૂકવા માટે
- સિલેક્ટ ફાઇલ ( બ્રાન્ચ કલેકશન )
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.